# જન્મદિને વધામણી



**લીનાબેન મહેતા**
સેક્રેટરી, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખા
મો. ૯૪૨૭૫ ૨૨૭૩૩



**પી એમ પરમાર**



**ગીતાબેન પ્રકાશકુમાર દવે**
મો. ૭૦૪૬૮ ૩૨૪૬૭

# શિક્ષણ મંત્રી-બીએસએફની દિવ્યાંગ બાળકો સાથે ધૂળેટી





ધૂળેટીની ઉજવણી ઘણાએ કરી અને ઘણી રીતે કરી, પરંતુ બીએસએફ આઇજી અજય તોમર અને એમનાં શ્રીમતી સુનયના તોમરે આ વખતે ધૂળેટીની ઉજવણી અનોખી રીતે કરી હતી. આ સંવેદનશીલ દંપતિએ ધૂળેટી રમવા માટે પોતાના આંગણે ૯૦ જેટલાં દિવ્યાંગ બાળકોને નોતર્યાં હતાં અને એમની સાથે સાવ બાળક બનીને ધૂળેટીની ધમાલ આ દંપતિએ કરી હતી. આ ઓછું હોય તેમ આ પ્રસંગને મહત્તા આપવા રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ ઉપસ્થિત રહ્યા અને તેમણે પણ પોતાના પદને બાજુએ મૂકીને ધૂળેટીની મજા માણી લીધી હતી. આ વિશેષ ધૂળેટીની મજા તોમર દંપતિએ તો બાળક બનીને લીધી જ હતી પરંતુ સાથે સાથે દિવ્યાંગ બાળકોનાં દસેક શિક્ષકો અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનના નિયામક જે કે ગઢવી, સંયુક્ત નિયામક ડી એસ પટેલ તથા કચેરીના સ્ટાફને પણ આ મજામાં ખુશી-ખુશી સામેલ કર્યો હતો.

આખાય કાર્યક્રમમાં બીએસએફના ઓફિસર્સ, જવાનો અને તેમના પરિવારજનોની સક્રિયતા ઊડીને આંખે વળગે તેવી હતી. દિવ્યાંગ બાળકોને પોતાનાં કરીને આ પરિવારોએ એમને ધૂળેટીનો જે આનંદ આપ્યો હતો તે આ બાળકો માટે આજીવન સંભારણું બની રહ્યો હતો.

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત આવરી લેવાયેલાં બાળકો ઉપરાંત ગાંધીનગરની અંધ શાળા, મૂક બધિર શાળા, નવજીવન ટ્રસ્ટ, હાજીપુરની સંસ્થા મંથન તથા અંધજન મંડળ, અમદાવાદનાં દિવ્યાંગ બાળકો આ કાર્યક્રમમાં ઉત્સાહથી જોડાયાં હતાં. બાળકોએ ન માત્ર રંગો ને ફુવારાથી ધૂળેટી મનાવી હતી પરંતુ નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરીને સૌનાં દિલ પણ જીતી લીધાં હતાં. ઉલ્લેખનીય છે કે સમગ્ર કાર્યક્રમની લાઈવ કૉમેન્ટ્રી મૂક-બધિર બાળકોને સાઇન લૅન્ગ્વેજથી આરએમએસએના પ્રૉજેક્ટ કો-ઓર્ડિનેટર રાજેન્દ્ર પંડ્યાએ આપીને એમને સતત આ કાર્યક્રમમાં જીવંતપણે જોડી રાખ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંકલન, સંચાલન ડી એસ પટેલના માર્ગદર્શન હેઠળ વિશિષ્ટ પ્રશિક્ષક જિજ્ઞેશ રાવલ અને તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ ❤ સે

ભીડું છું બાથ
હું ધગધગતા સ્તંભને
રાહ જોઉં છું
ક્યારેક તો ફાટશે
ને કોઈ નરસિંહ પ્રગટશે
મારા ભરોસે

## સ્મિત ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદ બાળકોને આરટીઆઈ ફૉર્મ ભરવામાં સહાય

ગાંધીનગર, તા. ૧૪

સ્મિત ફાઉન્ડેશન દ્વારા રાઈટ ટુ ઍજ્યુકેશન અંતર્ગત જરૂરિયાતમંદ બાળકોને સંસ્થાના સ્વયંસેવકો દ્વારા ઓનલાઈન અરજી ફૉર્મ ભરવા માટે નિઃશુલ્ક મદદગારી પૂરી પાડવામાં આવી હતી.

આ પ્રસંગે ગિરધરનગર શાહીબાગ કાઉન્સિલર તુલસીભાઈ ભીલ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

૧૧ અને ૧૨મી માર્ચના રોજ આયોજિત ઑનલાઈન આરટીઇ ઍક્ટ હેઠળનાં ૧૪૫થી વધુ અરજી ફૉર્મ આ કારણે ભરી શકાયાં હતાં. પ્રથમ દિવસે આ કાર્યક્રમની શરૂઆતમાં આકાશ સમજ સેવા ટ્રસ્ટના પ્રમુખ નટવરસિંહ ચૌહાણ, સ્મિત ફાઉન્ડેશનના જીત પારેખે જરૂરિયાતમંદ બાળકોના વાલીઓને આરટીઈ અંગે માહિતગાર કર્યા હતા અને જે વાલીઓનાં બાળકોની વય પાંચ વર્ષ થઈ ગઈ હોય તેમની વિગતો મગાવી તેમનાં ફૉર્મ ભરી આપવા માટે તૈયારી દર્શાવી હતી.

જરૂરિયાતમંદ બાળકોના વાલીઓનો ઉત્સાહ આ ફૉર્મ ભરવા માટે જોવા મળ્યો હતો. તેમણે સ્મિત ફાઉન્ડેશન અને તેના સંવેદનશીલ સ્વયંસેવકો પ્રતિ આભારની લાગણી પણ પ્રગટ કરી હતી.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા વૈદિક ગણિતની પરીક્ષા યોજાઇ

ગાંધીનગર, તા. ૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વૈદિક ગણિતની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, જે. બી. પ્રાથમિક શાળા, આર. એન. પ્રાથમિક શાળા, એમ. બી. પ્રાથમિક શાળા, સી. એમ. સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ, આર. સી. સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ, આર. જી. કન્યા સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલના લગભગ ૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓની વૈદિક મેથ્સની આ પરીક્ષામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## આરાધના વિદ્યાવિહાર ખાતે યોગ નિદર્શન કાર્યક્રમ યોજાયો



### યોગ નિદર્શન દ્વારા વિવિધ પ્રકારના યોગ અને તેનાથી થતા ફાયદાની વિગતે સમજ આપવામાં આવી

આરાધના વિદ્યાવિહાર ખાતે યોગાચાર્ય અમિતભાઈ દવે અને સોના ઠાકરના માર્ગદર્શન હેઠળ યોગ નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળા પરિવારના તમામ સભ્યોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

યોગ નિદર્શન દ્વારા વિવિધ પ્રકારના યોગ અને તેનાથી થતા ફાયદાની વિગતે સમજ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓમાં યાદશક્તિ, બૌદ્ધિક વિકાસ, એકાગ્રતા આવે તે માટે યોગ ઉપયોગી છે એમ આ કાર્યક્રમમાં સમજાવવામાં આવ્યું હતું તથા વ્યક્તિ કુટેવોનો ભોગ ન બને તેવા ઉમદા હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યએ દરેક વિદ્યાર્થીને પોતાના જીવનમાં યોગને એક ભાગ બનાવી સ્વવિકાસ અને સ્વાસ્થ્ય કેળવવાની સોનેરી સલાહ આપી હતી.

## જેસીઆઈ અને જેસીરેટ દ્વારા પંચરત્ન પુરસ્કાર કાર્યક્રમ



### સમાજને વિશિષ્ટ યોગદાન આપનારાં પાંચ મહિલાવિશેષનું સન્માન

ગાંધીનગર, તા. ૧૪

જેસીઆઈ અને જેસીરેટ, ગાંધીનગર દ્વારા જેસી પંચરત્ન પુરસ્કાર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત સમાજનો વિશિષ્ટ યોગદાન આપનારાં પાંચ મહિલાવિશેષનું સન્માન આયોજક સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

સામાજિક ક્ષેત્રે રૂક્ષ્મણીબેન જાદવ, રમતગમત ક્ષેત્રે ઈન્દુમતિબેન નિમાવત, શિક્ષણ ક્ષેત્રે જાગૃતિબેન કાડિયા, ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે જશુબેન (જબુબેન) રબારી અને કૃષિ ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર ગૌરીબેન ઠાકોરનું સન્માન આ ઉપક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ તરીકે શિક્ષણવિદ ચેતના બુચ, નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર અને નગરસેવક હર્ષાબા ધાધલ ઉપરાંત આયોજક સંસ્થાનાં કુસુમબેન ગાંધી, મિતાલી ત્રિવેદી, ભૂમિ ગંગવાની, કાજલ વૈષ્ણવ ઉપસ્થિત રહ્યાં હતાં.

જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી ગાંધી તથા જેસીરેટ ચૅરપર્સન રોનક પંડ્યાના માર્ગદર્શનમાં પ્રૉજેક્ટ ચૅરમૅન ચેતના થાનકીએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**


# વ્યક્તિએ ગુમાવી દીધેલાં સન્માન અને ગૌરવ પરત મળ્યાનો અહેસાસ

નૌશાદજી. જાણીતા ફિલ્મ સંગીતકાર નૌશાદજી સન. ૧૯૭૧-૭૨ માં 'પાકિઝા' ફિલ્મના ગીતોનું સ્ટુડિયોમાં રેકોર્ડિંગ કરી રહ્યાં હતાં. એક ગીતના રેકોર્ડિંગ સમયે સમૂહગાનમાં (કોરસ) પોતાનો આવાજ આપતી એક આધેડ મહિલાને જોઈ. એ મહિલાને કોરસમાં પોતાનો અવાજ આપતી નિહાળીને નૌશાદજી તો લગભગ અવાચક જ થઈ ગયા. એક જમાનમાં પાર્શ્વગાયિકા તરીકે હિન્દી ફિલ્મજગત ઉપર રાજ કરતી મહિલાહસ્તીને પોતાનાં જીવનનિર્વાહ માટે કોરસમાં પોતાનો અવાજ આપતી જોઈને નૌશાદજીનું માથું શરમથી ઝૂકી ગયું.

એ મહિલા હતાં રાજકુમારીજી. રાજકુમારી દૂબે એમનું નામ. લોકો તેને રાજકુમારીના નામથી ઓળખતા. રાજકુમારીજીનો જન્મ સન. ૧૯૨૪ માં થયો હતો અને સન. ૨૦૦૦ની સાલમાં તેઓ આ ફાની દુનિયાને અલવિદા કહીને ચાલ્યા ગયા. રાજકુમારિજીએ સન. ૧૯૩૦ થી સન. ૧૯૫૦ સુધી એટલે કે લગભગ બે દાયકા સુધી હિન્દી ફિલ્મોમાં પાર્શ્વગાયિકા તરીકે રાજ કર્યું. તે સમયની અન્ય ગાયિકાઓ જેવી કે ઝોહરાબાઈ, અમીરબાઈ અને શમશાદ બેગમ કરતાં પણ રાજકુમારિજીની ગાયકી વધારે સારી ગણાતી. રાજકુમારીજીએ કેટલાક ગુજરાતી ગીતોને પણ પોતાનો સ્વર આપ્યો હતો. ઓગણીસમી સદીનાં પાંચમાં દાયકામાં લતા મંગેશકરના પાર્શ્વગાયન ક્ષેત્રે પ્રવેશની સાથે રાજકુમારિજીનો ધીમે ધીમે ફિલ્મ ઉધ્યોગમાંથી અસ્ત થઈ ગયો.

ત્યાર પછી તો રાજકુમારિજીની આર્થિક સ્થિતિ પણ એટલી કથળી કે જીવનનિર્વાહ માટે કોરસમાં પોતાનો સ્વર આપવામાં પણ તેને ક્ષોભ થતો ન હતો. નૌશાદજીએ રાજકુમારિજી સાથે માનપૂર્વક વાતચીત કરી. તેની પરિસ્થિતી જાણી અને તેમને યોગ્ય માન-સન્માન આપ્યું. રાજકુમારિજીને આપવાનાં સન્માનનાં એક ભાગરૂપે, નૌશાદજી પોતે જે ફિલ્મનુ સંગીત આપી રહ્યા હતા તે ફિલ્મ 'પાકિઝા' નું એક સુંદર ગીત ' નઝરિયાકી મારી મોરી ગુઈયા' રાજકુમારિજીનાં અવાજમાં જ રેકોર્ડ કર્યું. એ ગીત ખૂબ જ વખણાયું અને લોકપ્રિય પણ થયું.

આમ નૌશાદજીએ રાજકુમારીજીને પોતાનું ખોવાઈ ગયેલું માન-સન્માન પાછું આપવા સન્નિષ્ઠા પ્રયત્નો કર્યા અને સફળ પણ થયા. ત્યાર પછી રાજકુમારીજીને થોડા કામ પણ મળવા લાગ્યા. તેમનું છેલ્લું ગીત રેકોર્ડ કર્યું આર. ડી. બર્મનસાહેબે ફિલ્મ 'કિતાબ' માટે. જો નૌશાદજી પોતાનાં રેકોર્ડિંગ સમયે રાજકુમારીજીને ઓળખી શક્યા ના હોત અને તેમણે યોગ્ય કામ અને માન-સન્માન ના આપ્યું હોત તો રાજકુમારીજીનાં જીવનનાં




vamlani@yahoo.co.uk


છેલ્લા દિવસો કેવી રીતે વિત્યાં હોત એ કલ્પના કરી શકાય એમ નથી.

આપણે જો આપણી આસપાસ નઝર કરીએ તો રાજકુમારીજી જેવી ઘણીબધી હસ્તીઓ નઝરે ચડશે જે એક જમાનામાં પોતાના ક્ષેત્રમાં રાજ કરતાં હોય અને પછી એમની કારકકિર્દીનો સૂર્યાસ્ત થઈ ગયો હોય. જરૂરી નથી કે એ વ્યક્તિ રાજકુમારિજી જેવી રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાની જ હોય. એ વ્યક્તિ કોઈ એક શહેરની, સમાજની, સંસ્થા કે સંસ્થાનની, શહેરની, જિલ્લાની કે રાજ્ય કક્ષાની પણ હસ્તી હોય શકે. એ વ્યક્તિ આપણી પાડોશી હોય, મિત્ર હોય, સ્નેહી હોય, સંબંધી હોય, કુટુંબીજન હોય, કે ઓળખીતી વ્યક્તિ પણ હોય શકે. વ્યક્તિ પાસે જ્યારે પૈસો, પ્રતિષ્ઠા, નામ, શૌહરત, સાહયબી, સત્તા, રૂપ, યૌવન કે વૈભવ હોય છે, ત્યારે અનેક લોકો મધમાખીની જેમ કે ભ્રમરાની જેમ તે વ્યક્તિની આસપાસ ભમતાં હોય છે. તે વ્યક્તિની હામાં હા અને નામાં ના કરતાં હોય છે, તે વ્યક્તિની જી-હજુરી કરતાં હોય છે, તે વ્યક્તિની ચાપલૂસી કે પગચંપી કરતા હોય છે અને એ વ્યક્તિનીની નઝરમાં રહેવા માટે લોકો સતત તેની નઝર સામે રહેતા હોય છે અને તેની નઝરમાથી ઉતરી ના જાય તે માટે હવાતિયાં મારતા હોય છે અને માટે.

એ જ વ્યક્તિની કારકિર્દી, જાહોજલાલીનો જ્યારે કોઈપણ કારણસર સૂર્યાસ્ત થાય છે, તેની પોતાની જીંદગીની મૂડી કહી શકાય એવો પૈસો, પ્રતિષ્ઠા, નામ, શૌહરત, સાહયબી, સત્તા, રૂપ, યૌવન કે વૈભવ હોય છે પોતાની પાસે નથી રહેતા ત્યારે તેની આસપાસ રહેવાનુ પસંદ કરતાં મોટાભાગના લોકો તેનાથી તુરત જ દૂર ભાગી જાય છે વને એ વ્યક્તિ એકલી અતુલી પડી જાય છે.. આવી પરિસ્થિતિમાં ક્યારેક એ વ્યક્તિની આર્થિક સ્થિતી પણ દયનીય બને છે. ક્યારેક તો તેમની માનસિક હાલત પણ એટલી ખરાબ થતી હોય છે કે એ વ્યક્તિનું જીવન દોજખ જેવુ થઈ જતું હોય છે. આવી પરિસ્થિતિમાં જ્યારે વ્યક્તિ પોતાની હાલાત સહન નથી કરી શક્તિ ત્યારે વ્યક્તિ પોતાનું જીવન પણ ટૂંકાવી દેતી હોય છે.

વ્યક્તિનું પોતાનું કહી શકાય એવું બધું જ જ્યારે પોતે ગુમાવી દે છે ત્યારે તેમની પાસે રહે છે માત્ર પોતે ભોગવેલી જાહોજલાઈ, સત્તા, નામ અને ભવ્ય ભૂતકાળનાં સ્મરણો. કેટલીક વ્યક્તિઓ એ સ્મરણોને વગોળી વગોળી ને એ સ્મરણોને આધારે પણ જીંદગી વ્યતીત કરી દેતી હોય છે. પણ વ્યક્તિને જ્યારે પેટનો ખાડો પૂરવાની વાત આવે છે ત્યારે એ લાચાર બની જાય છે. માણસને જ્યારે બે ટંક રોટલાના પણ ફાફાં પડે છે ત્યારે તે વ્યક્તિ આત્મગૌરવ અને આત્મસન્માનના ભોગે પણ પોતાનાં પેટ માટે રોટલો રળવા, પોતાનાં ગૌરવને ના છાજે એવા કાર્યો કરવા માટે પણ મજબૂર બને છે.

(ક્રમશઃ)







નગરની સંસ્થા ધી ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ)નાં સભ્યો દ્વારા પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ ધૂળેટીનો તહેવાર ફરજ પર તૈનાત પોલીસ કર્મચારીઓ અને ઍસટી કર્મચારીઓ સાથે ઉજવવામાં આવ્યો હતો. ફરજ પર તૈનાત આ કર્મચારીઓ સાથે રંગોના પર્વની ઉજવણી કરી જી ઈ ક્લબનાં સભ્યોએ તેમના પ્રતિ ન માત્ર કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી પરંતુ તેમને ઑન ડ્યુટી તહેવારનો આનંદ પણ પૂરો પાડ્યો હતો.

## સ્વપ્ન સૃષ્ટિમાં રંગોનો ઉત્સવ



ગાંધીનગરમા પાદરે સ્થિત સ્વપ્ન સૃષ્ટિ રિસોર્ટ અને વોટર પાર્ક ખાતે હોળીનો ભવ્ય મહોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકોએ આનંદ-ઉલ્લાસ સાથે રંગોની ઉજવણીનો આનંદ માણ્યો હતો.